અપીલ અરજી નં.૩૬૧ તા.૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલની તા. ૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૨૪ તા. ૬–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે ગટરલાઈન ઓવરફલો બાબતની અરજી વોર્ડ ઓફિસમાં કરવાની હોય છે એવું આપશ્રીના જવાબમાં જણાવ્યું છે અરજદારે વોર્ડ ઓફિસમાં , ઓરોગ્ય વિભાગમાં, પંપીંગ સ્ટેશનમાં પણ અરજી કરેલ હોવા છતાં અરજીનો નિકાલ ન થયેલ હોય તો આ અરજીની નિકાલ કરવાની જવાબદારી કોની, અરજદાર માહિતી અધિકાર મારફત માહિતી માંગી શકે કે નહીં એની માહિતી અમોને આપો વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલની તા. ૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૩૨૪ તા. ૬–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે ગટરલાઈન ઓવરફલો બાબતની અરજી વોર્ડ ઓફિસમાં કરવાની હોય છે એવું આપશ્રીના જવાબમાં જણાવ્યું છે અરજદારે વોર્ડ ઓફિસમાં , આરોગ્ય વિભાગમાં, પંપીંગ સ્ટેશનમાં પણ અરજી કરેલ હોવા છતાં અરજીનો નિકાલ ન થયેલ હોય તો આ અરજીની નિકાલ કરવાની જવાબદારી કોની, અરજદાર માહિતી અધિકાર મારફત માહિતી માંગી શકે કે નહીં એની માહિતી અમોને આપો વિ.મુદ્દા નં (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૫૩૨ તા. ૧૭–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૩ તા.૧૧–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને ખોટી માહિતી–અરજીના મુદ્દા નં.૨ ની રજુઆત દાવાના સમર્થનમાં કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૪ તા.૩૦–૧૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીમાં જણાવેલ સંદર્ભે બાબતેની અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારે સંદર્ભ આપેલ જવાબની ઈ.ઝેડ/આરટીઆઈ/૩૨૪ તા.૬–૮–૧૧ ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની ગટર લાઈન બાબતે મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૨ તા.૧૭–૧૦–૧૧ થી સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૨ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં. (૧) નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૩૨૪ તા. ૬–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે ગટરલાઈન ઓવરફલો બાબતની અરજી વોર્ડ ઓફિસમાં કરવાની હોય છે એવું આપશ્રીના જવાબમાં જણાવ્યું છે અરજદારે વોર્ડ ઓફિસમાં , આરોગ્ય વિભાગમાં, પંપીંગ સ્ટેશનમાં પણ અરજી કરેલ હોવા છતાં અરજીનો નિકાલ ન થયેલ હોય તો આ અરજીની નિકાલ કરવાની જવાબદારી કોની, અરજદાર માહિતી અધિકાર મારફત માહિતી માંગી શકે કે નહીં એની માહિતી અમોને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગટર લાઈન ઓવર ફલો બાબતની અરજી આરોગ્ય વિભાગમાં કરેલ હોય તો અરજીનો નિકાલ કરવાની જવાબદારી વોર્ડના આરોગ્ય નિરીક્ષકની છે અને પપીંગ સ્ટેશનમાં અરજી કરેલ હોય તો અરજીનો નિકાલ કરવાની જવાબદારી પપીંગ સ્ટેશનના જુ. ઈજનેરની છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) કોઈ પણ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન આપવા માટેના ધારાધોરણો હોય છે. તે મુજબ લાયક જણાય તે વિસ્તારને ડ્રેનેજ લાઈન નાંખી શકાય એવો જવાબ આપશ્રીએ આપેલ છે. પરંતુ લંબેહનુમાન રોડ, દિવ્ય વસુંધરા ફલેટની પાછળ આવેલ આંબાવાડી નવી વસાહત મફતનગર, શિવાજીનગર, વગેરે વિસ્તારને ડ્રેનેજ લાઈન ના આપી શકાતી હોય તો આરોગ્ય વિભાગના આરોગ્ય અધિકારીએ ખોટી સલાહ આપી અરજદાર પાસેથી ઝુંપડાવાસી પાસેથી સહીઓ કરાવી અરજી કરવાની ખોટી સલાહ આપે, અને ગેરમાર્ગે દોરવા બાબત વરાછાઝોનના માહિતી અધિકારીએ આરોગ્ય અધિકારી સામે કાયદેસરની શું કાર્યવાહી કરેલ છે ? એની માહિતી સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીઆવી કોઈ માહિતી વરાછાઝોના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલમાં માંગેલ માહિતી યોગ્ય રીતે આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે પરંતુ અપીલ સાથે તેના આધારો રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને અપીલ તબકકે પણ અત્રેથી પત્ર

પાઠવી મુદ્દા નં.ર  બાબતે  દાવાના સમર્થનમાં આધાર પુરાવા માંગી તક આપવા છતાં અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી.  અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારનો  મુળ પ્રશ્ન  અરજીના નિકાલની જવાબદારી બાબતેનો છે જે અંગે  ગટર લાઈન ઓવર ફલો  બાબતે આરોગ્ય અને ચોકઅપ દુર કરવાની જવાબદારી પંપીગ સ્ટેશન હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે અને ત્યાં ફરયાદ કરવા અંગે  અને નિકાલ બાબતે પણ  વોર્ડ ઓફિસમાં આરોગ્ય નિરીક્ષક અને પંપીગ સ્ટેશને જુ. ઈજનેરની જવાબદારી આવે છે તેવું જણાવેલ છે. આમ અરજદારને  ગટર બાબતેના બંને પ્રશ્નો અંગેની વિગતો જણાવેલ છે.  વધુમાં ગટર લાઈનના ધારા ધોરણ બાબતે પણ  તેઓની  તા.૯–૮–૧૧ ના જવાબમાં કોઈ પણ વિસ્તારમાં ડ્રેનજે લાઈન આપવા માટે ધારા ધોરણો છે તે મુજબ લાયક જણાય તે વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખી શકાય અન્યથા ડ્રેનેજ લાઈન નાંખી શકાય નહીં  તેવું પણ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ   કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશનર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :        –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી  (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલ,